R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 16 DATE: 19-04-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## પાકિસ્તાનમાં ધર્મનિંદાના આરોપસર એક ખ્રિસ્તી કપલને ફાંસી ની સજા

એક પાકિસ્તાની ખ્રિસ્તી કપલ, શફાકત ઈમેન્યુઅલ,કે જે વિકલાંગ છે અને તેમની પત્ની શગુફ્તા જે એક વેઈટ્રેસ તરીકે કાર્ય કરે છે.૨૦૧૩ જુલાઈમાં તેમની ગોજરા ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી અને આરોપ મુકવામાં આવ્યો હતો કે તેમણે ધર્મનિંદા કરવાનું પાપ કર્યું છે.ટોબા ટેક સીંગ કોર્ટમાં તેમને તેમના આરોપો મુજબ ફાંસી ની સજા ફરમાવવામાં આવી હતી.

તેમણે જે ધર્મનિંદાનું પાપ કર્યું છે તે આરોપો મુજબ તેઓએ એક ટેક્સ મેસેજ ધર્મનિંદા અંગેનો મોકલ્યો હતો.જો કે આ કપલે પોતાનો ફોન ખોવાઈ ગયો હોવાની ફરિયાદ કરી હતી.જેમના ત્યાથી ખરીદ્યો હતો તેને પણ આ બાબતની જાણ કરી હતી અને પોલીસને તેની માહીતી આપી હતી.ફાધર રોયે જણાવ્યું હતું કે અમો સરકારના તમામ કાયદાઓને માન આપીએ છીએ.પરંતુ તે બંધારણમાં અપાયેલ અધિકારો જે ધર્મ સ્વાતંત્રતા આપે છે તેને માન આપીએ છીએ. ફિડા ન્યુઝ એજન્સીએ જણાવ્યા મુજબ તેમને ફાધર એલોઈસ રોયે જણાવ્યું હતું કે અમો આવા કેસો બાબતે ખુબજ ગંભીર છીએ.આવા કેસો ખુબજ સામાન્ય બનતા જાય છે પરંતુ તે ખુબજ માનસિક ત્રાસ આપે છે.અમો આ બાબતે પ્રાર્થના કરીએ છીએ કે ખોટા કેસો અને ઘટનાઓ અમારા વિરુધ્ધ ના બને.પાકિસ્તાનમાં ધર્મનિંદાના આરોપ મુકીનો લઘુમતિઓને ફસાવવા માટે આ કાયદો ખુબજ સરળતાથી મુસ્લીમ કટ્ટરવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાય છે અને અત્યાર સુધીમાં અનેક ખ્રિસ્તી ઓ અને હિંદુઓ તેના ભોગ બની ચુક્યા છે.ખરેખર આંતરરાષ્ટ્રીય સમુદાયે આ બાબતે આ મુદ્દા બાબતે પાકિસ્તાન સરકાર સાથે ચર્ચા કરવી જોઈએ.

કીથ ડેવીસ અનો જેફ કીગ,જેઓ પાકિસ્તાની ખ્રિસ્તી માટે કાયદાકીય લડત લડે છે તેમણે સીબીએનનેઆપેલ એક મુલાકાતમાં જણાવ્યું હતું. જ્યારે જ્યારે મુસ્લીમ આસ્થાની બાબત ઉભી થાય છે ત્યારે પાકિસ્તાનમાં લોકોના ટોળા ઉમટી પડે છે.ધર્મ નિંદાના આરોપો જેમની ઉપર મુકવામાં આવ્યા છે તેમને મારવા કે મારી નાંખવા આવા ઝનુની લોકો ધસી આવે છે.ધર્મનિદાના આરોપમાં પવિત્ર પુસ્તકનું અપમાન,આસ્થા વિરુધ્ધની સાહેદી કે મહંમદ સાહેબનું અપમાન મુખ્યત્વે આરોપો હોય છે.આજ પ્રકારના આરોપો ગોજરા ખાતેના ખ્રિસ્તી શફાકત ઈમેન્યુએલ અને તેની પત્ની શગુફ્તા પર લગાવવામાં આવ્યા. તેમણે ધર્મનિદા કરતો એક એસએમએસ કર્યો.પોલીસે તેમની ધરપકડ કરી તેમને જેલમાં ધકેલી દીધા.

કીથ ડેવીસ, એ સીબીએન ન્યુઝને જણાવ્યું કે આ આરોપો બેબુનિયાદ અને બોગસ છે.આ કપલ પૈકીની સ્ત્રી સહુ પ્રથમ અભણ છે.અને પતિ કાંડાથી ક્ષતિગ્રસ્ત છે.જે વાળી શકતો પણ નથી તેમની પાસે મોબાઈલ હતો જે તેમણે ખોઈ કાઢ્યો હતો.તેમણે જ્યાંથી આ મોબાઈલ ખરીદ્યો હતો તે સ્ટોરના માલિકને પણ આ બાબતની જાણ કરી હતી.સ્ટોર મેનેજરને કોર્ટમાં બે વાર તપાસવામાં આવ્યો હતો.તેમાં પુછવામાં આવ્યું હતું કે મોબાઈલ ચોરાઈ ગયો હોવાની જાણકારી મળી હતી કે ખોવાઈ ગયાની.ઘણા પુરાવા હોવા છતાં,આ કપલને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી.

ડેવીસે આરોપ મુક્યો હતો કે મુસ્લીમ કટ્ટરવાદીઓ દ્વારા પબ્લીક પ્રોસીક્યુટર અને જજ જે આ કેસ સાથે સંકલિત હોય છે તેને લાંચ આપવામાં આવે છે.અમારા કેટલાક માણસો ખાનગીમાં જજને મળ્યા હતા.ત્યારે જજે જણાવ્યું હતું કે મારે તેમને ગુનેગાર ઠેરવવાના છે નહીતર તેઓ મારી હત્યા કરી નાંખશે. ડેવીસ અને જેફ કીગ,પ્રેસિડેન્ટ, ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સન એવું માને છે કે આ ખ્રિસ્તી કપલને પાછળથી કદાચ છોડી મુકવામાં આવે.

હવે આ કપલને બીજા પાંચથી છ વર્ષ સુધી જેલમાં રહેવું પડશે,જ્યાં સુધી આ મામલો હાઈકોર્ટમાં પહોચે નહી ત્યાં સુધી.હો જો તેઓને જેલમાં જ મારી નાંખવામાં ન આવે તો કદાચ તેઓ છુટી જશે.પરંતુ આ દરમિયાન તેમના બાળકોનું શું થશે ?ડેવીસના જણાવ્યા પ્રમાણે આ બાળકો એ તેમના માતાપિતાને ધરપકડ બાદ છેલ્લા નવ મહિનાથી જોયા નથી.તેમને પણ મારી નાંખવાની ધમકી કટ્ટરવાદીઓ દ્વારા અપાઈ છે.તેઓ આખા કુટુંબને મારી નાંખવા માંગે છે.આ બાળકોના દાદાએ લાંબા સમય સુધી બાળકોની સારસંભાળ




લેવાની બાબતે ચિંતા વ્યકત કરી હતી.તેઓ ૮૬ વર્ષના છે.તેથી તેઓ આ બાળકોની માવજત કરી શકે કે તેમને મોટા કરી શકે તેવી સ્થિતિમાં નથી.પરંતુ અમારી સંસ્થા આ બાળકોને મદદ કરી શકે તેમ છે. તેવું ડેવીસે જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું કે અમો એવા છુપા સ્થળે આ બાળકોને લઈ જઈ તોમની માવજત કરીશું.પાકિસ્તાની ખ્રિસ્તી શફાકત અને તેમની પત્ની શગુફતા તેઓ એકલા નથી.બીજા જેવા કે આસીયાબીબી, હજુ પણ જેલમાં છે.જે ધર્મનિદાના કાયદાનો ભોગ બન્યા છે.અને મૃત્યુદંડની સજાનો સામનો કરી રહ્યા છે.તમે જાણો છો કે આવા કેસો અને બીજા કેટલાક કેસોમાં ભારે ઓહાપોહ થાય છે પરંતુ દુઃખદાયક બાબત એ છે કે ઘણા બધા કેસો છે જે શાંતિથી ચાલે છે અને કોઈને તેની ખબર પડતી નથી.કિંગે આ જણાવ્યું હતું.

તો આ બાબતે શું થઈ શકે ? કિગ અનો ડેવીસ કહ્યુ હતું કે અમેરિકન સરકાર દર વર્ષે પાકિસ્તાને મીલીયન્સ ડોલર મદદ માટે આપે છે.આ મદદની સામે તેઓ ખોટા કેસોમાં સંડોવાયેલા ખ્રિસ્તીઓને છુટકારો અપાવી શકે છે.અમારા પ્રયત્નો આ લોકોને છોડાવવાના છે.અને તેથી અમો અમારાથી બનતા તમામ પ્રયત્નો કરીશું.રાજકીય દબાણો ઉભા કરીશું.અમેરિકા દ્વારા દબાણ લાવવાનો પ્રયત્ન કરીશું અને આ બધું શકય બનશે. તેવું કિંગે જણાવ્યું હતુ.

પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં ધર્મનિંદાના આરોપો મુકીને જેરીતે કેસો ચલાવીને સજા કરવામાં આવતી હતી તેમાં કશુંક ખોટુ થતુ હોવાની ગંધ આવતી હતી.કટ્ટરવાદીઓ દ્વારા આ પ્રકારનો કેસો કરાય છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**અમારા તમામ ગ્રાહકો અને વાચકોને ઈસ્ટરની પ્રેમી સલામ**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ચુટણીનો માહોલ ગરમી પકડી રહ્યો છે.એકબીજાની ઉપર કીચડ ઉછાળવાની જે રીતે અજમાવવામાં આવી રહી છે તે આજદિન સુધી થયેલ ચુંટણીઓમાં જોવા મળી નહોતી.ભાજપ તરફથી તમામ પ્રકારની રીતો અજમાવવામાં આવી રહીછે.વડાપ્રધાનપદના ઉમેદવાર મોદી સાઉથમાં લુંગી પહેરીને લોકોની ચાહના મેળવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે.તેમના માટે ગાંધી પરિવાર માત્ર ને માત્ર એક ચેલેન્જ છે તેને ઉખાડી ફેકવા માટે તેમના બધી જ રીતના પ્રયત્નો ચાલુ છે. સામે પક્ષે તમામ બનિસાંપ્રદાયિકતામાં માનતા પક્ષો એક બનીને મોદીની લહેર ખાળવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.ચુંટણી પરિણામો બતાવી આપશે કે કોણ કેટલું સફળ રહ્યું છે.

---

અનુ. પાન નં. ૪ નું ચાલુ

કરતો નથી. જો હવેથી પાપ કરીશ નહી “( યોહાન ૮ : ૧૦-૧૧)

એક વાર જકાતદાર માથ્થી અને અન્ય પાપીઓ સાથે જમવા બદલ પોતાની ટીકા કરનાર ફરોશીઓને ઈસુએ સંભળાવ્યું કે ,” હું તો પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા માટે આવ્યો છું. (માર્થ્થી ૯:૧૩) “ યુહુદી સમાજ અને ધર્મ ધિક્કારતી સ્ત્રીઓ અંગે ઈસુનો હજુ એક તાદશ પ્રસંગ અહી રજુ કરુ છું. એક ફરોશી આગેવાન સિમોન ઈસુને પોતાને ઘેર જમવા નોતર્યા. ઈસુ જમવા બેઠા હતા ત્યારે શહેરની એક પતિત સ્ત્રી સંગેમરમરની કુપીમાં અત્તર લઈને આંસુ સારતી ઈસુને ચરણે પડી ગઈ. તેણે ચરણ ચુમી ચુમીને અત્તર લગાડ્યું. આ દશ્ય જોઈને સિમોન બબડવા લાગ્યો કે, “ જો આ માણસ ખરેખર પયગંબર હશે તો એને ખબર પડી જવી જોઈએ કે એ બાઈ તો પતિતા છે. “ફરોશી સિમોનના મનની વાત કળી જઈને ઈસુએ એક શાહુકાર અને બે લેણદારનું દષ્ટાંત કહીને સિમોન નો પ્રતિભાવ માંગ્યો. સિમોને કહ્યું કે પોતાની ધારણા મુજબ જે માણસનું વધારે દેવું માફ કરવામાં આવ્યું છે તે લેણદાર શાહુકાર પર વધારે પ્રેમ કરશે.ઈસુએ સિમોનને કહ્યું. “ તારી ધારણા સાચી છે.“ પછી ફરોશી સિમોન અને પતિતાના વર્તનની સરખામણી કરીને ઈસુએ પેલી બાઈ તરફ ફરીને સિમોનને કહ્યું. “ હું તને કહુ છું કે એનો આ ભર્યો પ્રેમ પુરવાર કરે છે કે એના ઘણા પાપોની માફી મળી છે.જેનું ઓછું માફ થયું હોય તે ઓછો પ્રેમ બતાવે છે.“છેલ્લે તે બાઈના પાપ માફ કરીને ઈસુએ તેને કહ્યું “ તારી શ્રધ્ધાએ તને ઉગારી છે, સુખે જા “(લુક ૭: ૩૬-૫૦)

ગાલીલથી ઈસુએ પોતાના જાહેર જીવનની શરુઆત કરી હતી. ત્યાંથી એમના શિષ્યો સાથે સ્ત્રીઓ પણ એમને અનુસરતી હતી. શુભસંદેશકારોએ નોધ્યું છે કે કેટલીક સ્ત્રીઓ પોતાના ગાંઠનું ખર્ચીને ઈસુ અને તેમના શિષ્યોની ઠેર ઠેર ગામે ગામ સારસંભાળ રાખતી હતી. પાસ્ખા પર્વ કે ઈસ્ટરના સંદર્ભમાં આપણે સ્ત્રીઓ સાથેનું ઈસુનું વર્તન તપાસઈએ ત્યારે આપણે ઈસુના કેટલાક વિશિષ્ટ ગુણો તારવી શકીએ. ઈસુ સ્ત્રી સાથે આદરમાનથી વર્ત્યા છે.વ્યભિચાર કરતાં પકડાયેલ સ્ત્રી હોય,શહેરમાં પતિતા તરીકે કુખ્યાત સ્ત્રી હોય કે ગાંઠનું ખર્ચીને પોતાની સેવાચાકરી કરતી સ્ત્રીઓ હોય, ઈસુ હંમેશા દરેક સ્ત્રીઓ સાથે ખુબજ આદરમાનથી વર્ત્યા છે. એ જ રીતે પોતાની માંથી માડી બધી સ્ત્રીઓને ઈસુએ સમાનતાની દષ્ટિથી જોઈ છે.પોતાના શિષ્યોની જેમજ ઈસુએ પોતાને અનુસરતી સ્ત્રીઓને પણ ગણી છે.એમાં કોઈ દયાની ભાવના નથી. વિશેષ દાક્ષિણ્ય નથી.પણ સમાનતાની ભાવના છે.

વળી ઈસુએ બધી સ્ત્રીઓની શક્તિની કદર કરી છે. કાના ગામે લગ્નમાં ગયેલી ઈસુની માને લગ્નસમારંભમાં દ્રાક્ષારસ ખુટી ગયાની ખબર પડી. માએ પોતાના યજમાન પ્રત્યેની હમદર્દીથી ઈસુને એની ખબર આપી.ઈસુએ માને કહ્યું,”બાઈ તારે ને મારે શું?હજી મારો સમય પાક્યો નથી.“પોતાની માની સ્ત્રી સહજ હમદર્દીની કદરરુપે ઈસુએ પ્રથમ વાર જ ચમત્કાર કરીને લગ્ન સમારંભના વ્યવસ્થાપકોને સારો દ્રાક્ષાસવ પુરો પાડ્યો.(યોહાન ૨ :૧-૧૧)

આમ જોઈએ તો ઈસુએ ક્યાંય સ્ત્રીને પતિ કે પિતા કે સંતાનની આશ્રિત વ્યક્તિ તરીકે બતાવી નથી.સ્ત્રીઓ પરાશ્રયી હોય એ રીતે એમની સાથે વર્ત્યા નથી.ઉલટું, ઈસુએ પોતાના સંપર્કમાં આવેલ બધી સ્ત્રીઓને પુરતી સ્વતંત્રતા બક્ષી છે.અને સ્વતંત્ર વ્યક્તિ તરીકે એમની સાથે વર્ત્યા છે.એમાં ઈસુએ પોતાના પુનરુત્થાન પછી સૌ પ્રથમ સ્ત્રીઓને દર્શન આપીને સ્ત્રીઓને જ પોતાના નવજીવનના સંદેશવાહકો બનાવીને જાણે તેમણે સ્ત્રી સ્વતંત્રતાની ઘોષણા કરી છે.ઈસુ પાસેથી પ્રેરણા લઈને આપણે સ્ત્રીઓ પ્રત્યે ઈસુના જેવું વર્તન રાખીએ,વલણ રાખીએ તો આપણા કુટુંબ અને સમાજમાં આમુલ પરિવર્તન આવશે. સમુલક ક્રાંન્તિ સર્જાશે.આ ઈસ્ટર આપણને ઈસુ સાથે આ સ્ત્રી સ્વતંત્રતાની ક્રાંન્તિ સર્જવા આમંત્રણ આપે છે. સ્ત્રીઓએ પોતાનુ ગુલામીપણું છોડવું પડશે.સમાનતા અને સ્વતંત્રતાનું બંડ પોકારવુ પડશે. સૌને આનંદી ઈસ્ટર


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


# વફાદારી અને નિષ્ઠા મુલ્યો પ્રત્યે હોવી જોઇએ

કોમનમેનને પ્રાણી સાથે સબંધ છે કારણ માણસ પણ બેપગું પ્રાણી છે.કોમનમેનને ગધેડા જેવો છે.એમ ક્યારેક કહેવામાં આવે છે.કાગડાની જેમ કા....કા... કરે છે.હાથીની જેમ ચાલે છે.ગધેડાની જેમ વૈતરુ કરે છે.ગાય જેવો ગરીબ છ. પાડાની જેમ પડી રહે છે.કે ભેંસ જેવી જાડી છે. આમ વિચિત્ર પ્રાણી સાથેના આવા સબંધથી કોમનમેનનું હુબહુ વર્ણન કરીને ઘણા લેખકો નામના પામ્યા હશે.સમગ્ર પ્રાણીસૃષ્ટિ વિશે વાત કરવાને બદલે આજે તો માત્ર કુતરાની વાત કરવી છે.ગુરુ દત્તાત્રયે કુતરાને ગુરુ તરીકે સ્વીકારેલ તેનુ કારણ તેની સ્વામિભક્તિ હતી. આજે તો ચાંપલુસી, મસ્કાબાજી કે ફેલટરી જેવા શબ્દો વાપરીને સ્વામી ભક્તિ કે શ્વાનવૃત્તિનું અપમાન કરવામાં આવે છે. તમેજ કહો કે ગુરુ દત્તાત્રયે જે વફાદારી માટે શ્વાનને ગુરુપદે સ્થાપ્યા તેવી વફાદારી માટે માણસે ગાળ ખાવાની ? આ તે ક્યાંનો ન્યાય ?

કાગડા બધે કાળા એવી કહેવત છે તેમ. શ્વાન બધે શાણા. એમ કહી શકાય.કારણકે શ્વાન પુંછડી પટપટાવીને દુશ્મનને ભસીને, માલિકને ચાટીને,લળી લળીને મીઠા સ્પર્શથી માલિકને રીઝવવા માટે પ્રયત્ન કરે છે.પોતાની વફાદારી પ્રગટ કરે છે. અને પોતાના શાણપણ દ્વારા માલિક પ્રત્યે નિષ્ઠા વફાદારી પ્રકટ કરે છે.કોમનમેન પણ આમ જ કરે તો તેને વખોડવાની વાત કરતાં લોકો લાજતા નથી.વફાદારી માણસને સૌથી મહાન ગુણ છે. એને પ્રકટ કરતાં રહેવામાં શાણપણ છે.આથી જ પોતાના નેતાની હાજરીમાં તેને જયજયકાર કરવાનો વણલખ્યો નિયમ તમામ પક્ષોના કાર્યકરો-નેતાઓ પાળે છે.ધર્મના વડાનો પણ એજ રીતે જયજયકાર કરવામાં આવે છે.પક્ષોના અધિવેશન દરમ્યાન નેતાઓના જયજયકાર કરે છે.આવો જયજયકાર એ વફાદારીના ઉદ્‌ઘોષ છે. એ વખાણવાપાત્ર છે, વખોડવાપાત્ર નથી.માટે જ શ્વાન જેવી સ્વામી ભક્તિ કે વફાદારી કોમનમેનનો બંધારણીય અધિકાર છે.

અમદાવાદ શહેરના ઈતિહાસમાં પણ શ્વાન સાથે સબંધ છે.જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા.અમદાવાદ શહેરના શ્વાન સસલા જેવા નબળા પ્રાણીથી ડરતા હતા.આ ભુમિનું પાણી મજબુત માનવીઓ પેદા કરશે એમ માની બાદશાહે અહમદાબાદ વસાવ્યું. અમદાવાદનો કોમનમેન એ જમાનાાં શ્વાન જેવો જ ડરતો રહે છે.વફાદાર રહે છે.બાદશાહની ઈચ્છા ઝાઝી બર આવી નથી.એ કહી શકાય. પોરબંદરનો વાણીયો નામે મોહનદાસ કરમચંદ ગાંધી અહીં અમદાવાદ આવી વસ્યો એની પાછળનું ગંભીર કારણ ઈતિહાસે નોધ્યું નથી. અમદાવાદની જનતાની શ્વાનવૃત્તિ-વફાદારી ઉર્ફે શ્વાનદારી ધન્ય છે. ગાંધીજીની ગુણગ્રાહી વૃત્તિને.


લાંચ-રુશ્વત એ વૈશ્વીક વ્યવહાર છે.આ વ્યવહાર માણસ-માણસ વચ્ચેના સબંધનો હોવા છતાં, શ્વાનને ભાંડવામાં આવે છે.પોતાનુ કામ કઢાવવા કોઈ લાંચ આપે અને અમલદાર લે તે વ્યવહાર થયો. પણ વેપારી પોતાના ચોપડામં આ ખર્ચ કુતરાના રોટલા ખાતે ઉધારે છે.અહીં કુતરાનો કોઈ વાંક ખરો ? વફાદારીના રોટલા તો મળે જ મળે. અમલદાર કામ કરે તે વફાદારીનુ વળતર આપે તે વફાદારી પ્રગટ કરવાનો પ્રકાર છે.ઈન્ડીયન્સ એન્ડ ડોગ્સ આર નોટ એલાવ્ડ એવું બોર્ડ અંગ્રેજોએ પોતાના કલ્બના દરવાજે લટકાવતા.આની પાછળ કદાચ એવું કારણ હોય કે નજીક આવવાથી શ્વાનો કે ઈન્ડીયનોની વફાદારીનો ચેપ લાગે .ઈન્ડીય શ્વાન કે ઈન્ડીયન કરડવાનો ડર પણ કદાચ કારણભુત હશે આ વિશે ઈતિહાસકારોએ સંશોધન કરવા જેવુ ખરું.

જ્યારે વફાદારી કે શ્વાનદારી વિશે વિચાર કરવાનો હોય ત્યારે લગ્નમાં વફાદારીનો અવશ્ય વિચાર આવે. આ બાબતમાં મર્યાદા પુરષોત્તમ રામ એક પત્નીવ્રત પાળનારા આર્દશ પુરુષ હતા.પણ હવે ધીમે ધીમે લગ્ન સંસ્થામાં આ ગુણને આર્દશ ગણવાને બદલે બંધન ગણવાની ફેશન પ્રવર્તે છે.કેટલાક કિસ્સાાં તો ભાદરવા માસે સ્વછંદાચાર કરતા શ્વાન જેવો આચાર કરતાં પુરુષ કે સ્ત્રી સમગ્ર શ્વાન સમાજના સદગુણો પર કલંકની કાલિમા ચોપડે છે. એ શ્વાનદારીના વંશપરંપરાગત વારસાને પણ લાંછન લગાડે છે.નાણા વગરનો નાથીયો. નાણે નાથાલાલ. ની જેમ પુછડી વગનો ડાઘિયો લાગે બાપાલાલ. આમ.બાધા લાગવાનુ કારણ એ કે પુંછડી પટપટાવીને જ વફાદારી દર્શાવી શકાતી હોય છે.પુંછડી પટપટાવવી કે તો સાંકેતિક શબ્દ છે એ માટેના અનેક પ્રકારના હાવભાવ કોમનમેને વફાદારી દર્શાવવા વિકસાવ્યા છે.નોબેલ પુરસ્કાર વિજેતા ગ્રેબ્રિયેલા મિસ્તરોલ નામના કવિયત્રીએ પોતાના પ્રેમીને માટે પ્રાર્થના કરતાં લખ્યુ છે કે હે પ્રભુ, સ્વામીભક્ત કુતરાની જેમ હુ તારા પગ ચાટીશ.કોમનમેન પણ પગ ચાટીને પોતાની વફાદારી સિધ્ધ કરવા તૈયાર હોયછે. કારણ સ્વામી એને માટે પ્રભુનું બીજુ સ્વરુપ હોય છે.

રાજકારણમાં કે નોકરીમાં વફાદારીમાં ગતિશીલતા ગુણ ગણાય છે.આથી જ કહેવાય છે કે ઈન્દ્રાણીને ઈન્દ્રાસન સાથે સબંધ હોય છે.ઈન્દ્ર સાથે નહી.રાજકારણાં પક્ષપલટા કે જુથ પલટા વાસ્તવિક ઘટના છે.સરકારમાં અધિકારીઓ પણ પ્રધાન બદલાય તેમ વફાદારી બદલતા હોય છે.તેમ કરવામાં જ તેમનું ભલુ રહેલું છે. ચેખોવની એક પ્રસિધ્ધ વારતા રખડતા કુતરા વિશે છે.રખડતું કુતરુ કરડવાની ફરિયાદ થતા કુતરાના માલિકની શોધ ચાલે છે.કુતરાનો માલિક કોમનમેન છે.એમ જણાતાં પોલીસ દબડાવે છે.પણ કોઈક કહે છે કે આ કુતરુ તો પોલીસવડાનું છે ત્યારે તે કુતરાને પ્રેમ કરે છે.અને ફરિયાદીને દબડાવે છે.કુતરાના માલિકી વશે જુદી જૂદી માહિતી પ્રમાણે કુતરા પ્રત્યેનું અને ફરિયાદી પ્રત્યેનું પોલીસનું વલણ બદલાય છે.આ પ્રકારની ગતિશીલ વફાદારી કોમનમેનનું લક્ષણ છે.કોમનમેન કંઈ વફાદારીને વફાદાર નથી.પોતાના હિતનો વફાદાર છે.સમજ્યા ! કોમનમેનની વફાદારીનો અને શ્વાનની સ્વામીભક્તિના સબંધ વિશે આટલી વિશદ ચર્ચા કર્યા પછી હવે શ્વાન વિશેની કેટલીક કહેવતો : દરેક કુતરો પોતાની ગલીમાં સિંહ હોય છે. માનવી અને કુતરાની લડાઈમાં પ્રથમ બટકું ભરવાનો હ્‌કક કુતરાને છે.દરેક કુતરો સાથે સુવે તેમણે જુ સાથે ઉઠવાની તૈયારી રાખવી. ઘણીવાર સારુ હાડકુ નબળા કુતરાના મોમાં જઈ પડતું હોય છે. બુઢ્ઢા કુતરો નવી ટ્રીકો શીખવાડી શકાતી નથી.ગમાણનો કુતરો નખાય, ન ખાવા દે. મને પ્રેમ કરો, મારા કુતરાને પ્રેમ કરો.

હસમુખ પટેલ
(સૌ. સંદેશ)

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,
નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ,
નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી,
નડીયાદ.૨
શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા.
પવનચક્કી રોડ,નડીયાદ.૨

# ભારતભરમાં મહિલાઓના અધિકારો અને તેમના જાતીય શોષણ સામે માટે સતત સંઘર્ષ ચાલી રહ્યો છે




મારુ હૃદય દુઃખથી છલકાઈ ગયુ જ્યારે મે આ વાત જાણી કે એક અમેરિકન મહિલા જેણે એક ભારતીય પતિ સાથે લગ્ન કર્યા હતા તેણે તેની હત્યા કરી અને પાંચ મહિના બાદ પોતે આત્મહત્યા કરી.દરેક કન્યા માટે આ અત્યંત દુઃખભરી બાબત છે કે જે તેમને એવું માનવાને પ્રેરે છે કે તેમણે તેમના પર થતા અત્યાચાર બાબતે જાગૃત બનવું પડે.તેમના પરથતા બળાત્કાર હોય કે તેમની જાતિય સતાવણી હોય, કે અન્ય રીતે તેમની સાથે કરવામાં આવતા અમાનવીય વ્યવહાર હોય,પરંતુ આ બધી બાબતોમાં કેટલીક બાબતો સામે આવી છે કે તેમાં તેમના પહેરવેશ અને તેમનો ખુલ્લો વ્યવહાર તેમને નડ્યો છે.તેથી તેમને તેમના જીવનમાં કેટલીક ખરાબ બાબતોનો સામનો કરવો પડે છે.

મને દુઃખ થાય છે જ્યારે હું સાંભળું છું કે કે જુવાન મહિલાએ લગ્ન કરવા માટે સ્વતંત્ર રીતે પોતાનો નિર્ણય કર્યો છે અને પરિણામે તેણીને ખાપ પંચાયત,ટ્રીબ્યુનલ,કે દીકતાતનો સામનો કરવો પડે અને તેમાંય તેણીને ઘરડા લોકોના ગુસ્સાનો ભોગ બનવું પડે,તેમજ હિંસાનો સામનો કરવો પડે.જ્યારે એરીન વીલીન્ગર એક હેન્ડસમ ઓટોરિક્ષા ડ્રાઈવર બન્ટીને પાંચ મહિના અગાઉ આગ્રામાં તાજમહેલ જોવા માટે ગઈ હતી ત્યારે મળી,ત્યારે તેણીને લાગ્યું કે તેણીએ તેના જીવનનો પ્રેમ પામી લીધો છે.તેઓએ હોટલન ી છત ઉપર લગ્ન કર્યા.આ એક પ્રથમ દષ્ટિના પ્રેમથી થયેલ પ્રેમ લગ્ન હતા.બન્ટીએ તેણીને આ દેશના ખુબજ સુંદર સ્થળો બતાવવાનું વચન આપ્યું હતું.તેણી પ્રેમમાં અંધ બનેલી તેથી તેણે વચનને માની લીધું. શું ખોટું બન્યું ?જુવાન અમેરીકન મહિલાએ તેના લગ્નમાં અને તેણીના ભારતીય પતિ કઈ રીતે પોત પોતાની સંસ્કૃતિને જોઈ.તેણીને તેના પતિની પત્ની પાસે કઈ માંગણીઓ હોઈ શકે તેનાથી તેણી અજાણ હતી.તેણીને તે ખબર જ નહોતી કે લગ્ન બાદ તેણી તેના પતિની મિલ્કત બની ગઈ હતી.તેણીને તે પણ ખબર નહોતી કે આ ભારતીયને તેણી એક ઈનામમાં મળેલ વસ્તુ જેવી લાગી હતી.આ ગરીબ યુવાન તેની આર્થિક પરિસ્થિતિમાંથી માંડ માંડ બહાર આવી રહેલ યુવાન હતો.તેનું સામાજીક સ્તર ખાપ પંચાયતના મુળમાં રહેલું હતું.જેમાં આ લગ્નને ખાપ પંચાયતની કોર્ટમાં પડકાર મળે છે તેવું અમેરિકન મહિલાની જાણમાં નહોતું.અહીંયા આવા લગ્નોમાં ખાપ પંચાયતના હુકમ એવા હોય છે કે જેમાં લગ્ન કરનાર મહિલાને ન્યાયના દંડ રુપે મૃત્યુદંડ કે સામુહિક બળાત્કારનો ભોગ બનવું પડે છે.ખાપ પંચાયતોનો કોઈ બહિષ્કાર કરી શકતું નથી એવો જબરજસ્ત કંન્ટ્રોલ હોય છે.

વુમન નેટવર્કીંગ, મહિલાઓના અધિકારો માટે લડતું એક સંગઠન જે મુંબઈમાં આવેલ છે તેમણે તાજેતરમાં એક અભ્યાસ કર્યો હતો.આ અભ્યાસમાં મહિલાઓ સામે થતા અત્યાચારો બાબતે પોલીસ સ્ટેશનમાં કઈ રીતે કેસોને હેન્ડલ કરવામાં આવે છે તે બાબતોને આવરી લેવાઈ હતી.પોલીસ ઓફીસરો સાથે થયેલ વાતચીત દરમિયાન જાણવા મળ્યું હતું કે તેઓનો કોઈ પણ કેસમાં એવો અભિગમ હોય છે કે તેઓ સહુ પ્રથમ એ જાણવા પ્રયત્ન કરે છે કે જાતીય હિંસા કરનાર વ્યક્તિ કઈ બાબતે જાતીય હિંસા કરવા પ્રેરાયો હતો.અથવા તો જાતીય અપમાન કરવા પ્રેરાયો હતો. તેને આવું કરવા માટે કઈ બાબતે પ્રેર્યો હતો.મે મારી દિકરીને સલાહ આપી છે કે તેઓ બપોરની ફિલ્મોજ જુએ.તેમને એવા પહેરવેશ ધારણ કરવાની સલાહ આપી છે જેથી અન્યોનું એ પ્રત્યે ધ્યાન આકર્ષિત થાય નહી.એવું એક સીનીયર પોલીસ ઈન્સ્પેકટરે જણાવ્યું હતું.

ડો.આશા મીરગે, સભ્ય, મહારાષ્ટ્ર સ્ટેટ કમિશન ફોર વુમન,પોલીસ ઈન્સ્પેકટરની લાગણી બાબતે સંમત થતા જણાવ્યું હતું કે છોકરીઓએ પોતાના પહેરવેશ બાબતે સજાગતા રાખવી જરુરી છે.તેમજ તેમના શરીરની ક્રિયાઓ અને હાવભાવ પર સજાગતા રાખવી જરુરી છે કારણકે હાવભાવ કે શરીરની કેટલાક પ્રતિભાવો સામાવાળાને આમંત્રિત કરતા હોવાનું દર્શાવતા ના હોવા જોઈએ.તે બાબતે સજાગતા રાખવી જરુરી છે. તેવું મીરગેએ જણાવ્યું હતું.

શા માટે નિર્ભયા મોડી રાત્રિની ફિલ્મ જોવા રાત્રે ૧૧ વાગ્યે જાય.(૨૩ વર્ષીય ફીજીયોથેરાપીસ્ટ કે જે સામુહિક બળાત્કારનો ભોગ ૨૦૧૨માં બની હતી તે )શા માટે એક ફોટો જર્નાલીસ્ટ,મુંબઈમાં અજાણ્યા અને એકાંતના સ્થળે શક્તિ મીલમાં સાંજે ૬ વાગ્યે જાય,(૨૨ વર્ષીય ફોટોજર્નાલીસ્ટ ગત ઓગષ્ટમાં બળાત્કારનો ભોગ બનેલી તે )આ બાબતો મહિલાઓ પર થયેલ હિંસક હુમલાઓ હતા.માતાઓ દ્વિધામાં છે.તેમને તેમની પુત્ર પુત્રીઓને સ્વતંત્રતા આપવી છે,પરંતુ તે કેવી રીતે શક્ય બને ?જ્યારે કન્યાઓને સારુ અને ઉચ્ચ શિક્ષણ મળ્યું હોય, તેઓ આર્થિક રીતે પગભર હોય,અને પોતે સ્વતંત્ર રીતે રહેવા માટે પણ હિમતવાન હોય,પરંતુ દેશમાં સર્વત્ર એક પ્રકારનું બંધિયાર સામાજીક વાતાવરણ છે તેમજ તેની સાથે કેટલુંક સંકુંચિત માનસ ધરાવનાર લોકો છે પરિણામે અનેક અનર્થ સર્જાય છે.બીબાઢાળ સમાજમાંથી પરિવર્તનને અવકાશ નથી.

મોટાભાગના પુરુષો તેમની પત્નીઓ અને તેમની દિકરીઓને સ્વતંત્રતા આપવા ઈચ્છતા નથી.તેમજ તેઓ સ્વતંત્રતા ઝંખતી મહિલાઓને સ્વીકારતા નથી કે તેને બરદાસ્ત કરવા માંગતા નથી.એનો મતલબ એ નથી કે તેઓ તેમનાથી ગભરાય છે.પરંતુ તેઓ બીબાઢાળ સમાજની અસરોને કારણે તેમની મહિલાઓને આરક્ષણ આપવા માંગે છે.ખરેખર બાબત એ છે કે તેઓ મહિલાઓને કોઈ પાવર આપવા માંગતા નથી.કારણકે તેઓ તેમના કુટુંબની મહિલાઓના દરજ્જાને અપમાનિત કરવા માંગતા નથી.કુટુંબની મહિલાઓની સલામતી તેમના માટે અગ્રતાક્રમે હોય છે.પરંતુ તેજ વખતે તેઓ એ પણ વિચારતા નથી કે તેઓ અન્ય મહિલાઓની જાતીય સતાવણી ના કરાય એવું સ્વીકારતા નથી.તેમના મતે આ તેમની સ્વતંત્રતા છે અને ગુમાવવાનું કંઈ નથી.

તેઓ તેમના સંપર્કમાં આવતી કોઈપણ ઉચ્ચ મહિલાઓ માટે આદર ધરાવતા નથી.પરંતુ તેઓ તેમના ગોડમેન,ગોડફાધર(ઢોંગી પિતા)પિતા,બોસીસ બનવાનોપ્રયત્ન કરે છે. કેટલાક માણસો જેઓ ઉચ્ચ સ્થાનો પર બિરાજેલા છે જેવા કે કાયદાકીય, ન્યાયતંત્રમાં તેમનામાં આવા ગુણો વિશેષતમ જોવા મળે છે.તેમની પાસે સત્તાનું જોર હોય છે.તેઓ મહિલાઓનુ અવમાન કે અપમાન કરી શકે છે.તેઓ તેમને સારો દરજ્જો આપતા નથી.

બે યુવાન મહિલાઓ જેઓ ઈન્ટરશીપ કરતી હતી અને તેણીઓને સીનીયર મહિલા વકીલોનો સહકાર મળ્યો તેથી તેણીઓએ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો સામે ફરિયાદ કરી હતી.અને પરિણામે જાહેર મત એકઠો કરી શકાયો.ન્યાયાધીશો સામે તપાસ કરવામાં આવી અને તેમણે જાતીય સતાવણી કરી છે તેવુ તપાસમાં ગત વર્ષે બહાર આવ્યું.દેશના નાગરિકોએ મહિલાઓની મદદે આવવું જોઈએ જેથી કરીને દેશમાં મહિલાઓ વિરુધ્ધ વિકૃત માનસને પડકારી શકાય.મહિલાઓએ પણ મોટા પ્રમાણમાં મહિલાઓની ચળવળમાં સામેલ થઈને મહિલાઓના અવાજને વધુ મજબુત બનાવવો જોઈએ.જેઓ મહિલાઓના અધિકાર બાબતે જાગૃત છે તેવા પુરુષોએ પર મહિલાઓના અધિકાર બાબતની લડતમાં ટેકો આપીને જોડાઈ જવું જોઈએ.જે પુરુષ વર્ગ છીછરા પ્રકારનું માનસ ધરાવે છે તેમજ જાતિય હિંસાને વેગ આપે છે તેમની સામે પુરુષોએ પણ આગળ આવીને આવા બનાવોને બનતા અટકાવવા જોઈએ.જેથી યુવાન મહિલાઓને સ્વતંત્રતા આપી શકાય અને તેઓ નિર્ભય રીતે પોતાના ઘર છોડીને કામકાજ કરી શકે.દરેક પુરુષ પોતાની જાતને એ રીતે તૈયાર કરે કે તેમનું માન તેમનું ગૌરવ જળવાય અને તેમની માંગણીઓનો માનવતા પુર્ણ રીતે સ્વીકાર થાય.જેથી કરીને તેઓ ખોટા કાયદાકીય ચુંગાલમાં ફસાય નહી.

વર્જીનીયા સલધાના, ભુતપુર્વ સેક્ટરી,ફેડરેશન ઓફ એશીયન બિશપ્સ કોન્ફરન્સ ઓફીસ ઓફ લેયટી એન્ડ એ ફિલાન્સ રાઈટર,એડવોકેટ,મહિલા અધિકારો માટે મુંબઈ સ્થિત

## ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઈ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઈન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઈ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઈઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



# ઈસ્ટર એટલે સ્ત્રી સ્વાતંત્રતાનું પર્વ

ફાધર વર્ગીસ પોલ. એસ.જે




ઈસ્ટર કે પાસ્ખાને સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષનાર વિશેષ પર્વ તરીકે જોવું મને ગમે છે. ઈસ્ટર વિશે થોડુંઘણું જાણનાર મને પુછી શકે છે કે, ઈસ્ટર એટલે ઈસુ મૃત્યુ લોકમાં ત્રણ દિવસ પોઢી ગયા પછી પુનરુત્થાન પામ્યાનો દિવસ છે. તો ઈસુના પુનર્જીવન અને સ્ત્રીઓની સ્વતંત્રતા વચ્ચે શું લેવાદેવા છે ? ઈસ્ટરને સ્ત્રી સ્વતંત્રતાનું પર્વ ગણવા માટે મારે મન ઘણા કારણો છે. મારી દૃષ્ટિએ સ્ત્રી સ્વતંત્રતાનો આરંભ ઈસુના જીવનથી શરુ થાય છે અને તેથી હું ઈસ્ટરને સ્ત્રી સ્વતંત્રતાનું એક સીમાચિહ્ન ગણું છું.

કેમ ? પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં તાજેતરમાં મેં સાંભળેલી વાત કરું. હું જાણીતા કવિ અને લેખક નિરંજન ભગતને મળવા ગયો હતો.તેમણે મને તેમને ત્યાં એક ધર્મગુરુની મુલાકાતની વાત કરી. એ ધર્મગુરુ કેટલાંક પુસ્તકો સાથે ભગતસાહેબ પાસે કંઈક લખાવડાવવાના હેતુથી એમને મળવા ગયા હતા.બંને વાતો કરતા હતા ત્યારે એમના ઘરમાં રસોડામાં કોઈ સ્ત્રી દેખાઈ.ધર્મગુરુએ ભગતસાહેબને પુછ્યું કે એ સ્ત્રી કોણ છે અને વધુમાં કહ્યું કે એ સ્ત્રીને ફરી તે ઓરડીમાં (રસોડામો) આવવા ના કહે. ભગત સાહેબે એ ધર્મગરુને કહ્યું કે એ સ્ત્રી પોતાની મા છે.પછી તરત ભગતસાહેબે ઉમેર્યું “ ગુરુજી, આ ઘર આપનું નહી અને મારુ પણ નથી. આ ઘર મારી માનું છે. હવે પછી આપ કદી આ ઘરમાં પગ મુકશો નહી.આપણે મળીશું તો ખરા, પણ બહાર રસ્તામાં.“પછી ભગતસાહેબે મને કહ્યું “ફાધર વર્ગીસ, તમે બેઠા છો એ જ બેઠક પર પેલા ધર્મગુરુ બેઠા હતા, તમે રસોડું જોઈ શકો છો. “માનવધર્મમાં માનતા ભગતસાહેબે પછી બધા મંદિરો અને ધર્મગુરુઓ વિશે કરેલી વાત નોધીને વિષયાંતર કરવા ઈચ્છતો નથી. સ્ત્રીઓ પ્રત્યે આપણી મનોભાવનાનો ખ્યાલ આપવા માટે આટલી વાત પુરતી છે.

ભગત સાહેબે કરેલી વાત વર્ષો પહેલા એમના પુજ્ય બા હયાત હતા ત્યારની છે.પણ તાજેતરમાં મારા અનુભવની એક વાત અહીં પ્રસ્તુત છે.છાપા-સામાયિકોમાં આવતા મારા લેખો વાંચનાર અને ફાધર વાલેસના એક ઉપાસક બહેન પાસે એમણે વસાવેલા ફાધર વાલેસના અને મારા કેટલાક પુસ્તકો છે.એમાં ભગવાન ઈસુ અને બાઈબલ વિશેના પુસ્તકો એ બહેન પોતાના ઘરમાં સંતાડી રાખે છે ! કારણ, એ બહેને મને કહ્યા મુજબ એમના અમુક સગાસબંધીઓ અને મુલાકાતીઓ એમના વિશે શું વિચારશે, એની એ બહેનને ચિંતા છે. આ પ્રકારના બીજા કિસ્સાઓ પણ હું જાણું છું. એટલે હું કહું છું કે આપણી બહેન શાણી છે, ડાહી છે. એટલે પતિ અને સાસુમાના કહેવાથી સ્ત્રી ભ્રુણ હત્યા કરાવતી કહ્યાગરી વહુની જેમ આ બહેનો પોતે પોતાની સ્વતંત્રતા પર કાપ મુકે છે ! પણ ખરી સ્વતંત્રતાનો તેમને ખ્યાલ હોત તો હું માનું છું કે તે બહેને પોતાનું મનગમતું સાહિત્ય વાંચવાની સ્વતંત્રતા તથા અધિકાર જમાવ્યો હોત.

આપણે પાછા ઈસ્ટરની વાત પર આવીએ.ઈસુ અને સ્ત્રીઓની વાત પર પરત આવીએ. બાઈબલનો નવો કરાર વાંચનારાઓને ખબર છે કે પુનરુત્થાન પામેલા ઈસુએ સૌ પ્રથમ સ્ત્રીઓનેજ દર્શન દીધા છે.એટલું જ નહી, પણ ઈસુએ સ્ત્રીઓને જ પોતાના નવજીવનની સંદેશવાહિકા પણ બનાવી છે.

ઈસુના પુનરુત્થાનની આ વાત શુભસંદેશકાર માર્થી,માર્ક,લુકે લખી છે. ઈસુના ક્રુસ પરના મૃત્યુ પછી એમના એક શિષ્ય અરિમથાઈના યોસેફે ઈસુના શબને ઉતારી શણના કપડામાં વીંટી ખડકમાં કોરી કાઢેલી વણવાપરી કબરમાં મુક્યું. સંત લુકે વધુમાં નોધ્યું છે કે “ જે સ્ત્રીઓ ગાલીલથી ઈસુની સાથે આવી હતી તેઓ યોસેફની પાછળ પાછળ ગઈ, તેમણે કબર અને શબની ગોઠવણ ધ્યાનથી જોઈ.પછી તેઓએ ઘેર જઈને સુંગંધી દ્રવ્યો અને અત્તર તૈયાર કર્યો.પછી વિશ્રામવારને દિવસે શાસ્ત્રની આજ્ઞાનુસાર વિશ્રામ લીધા પછી ત્રીજા દિવસે પો ફાટતાં જ તેઓ સુગંધી દ્રવ્યો સાથે કબર આગળ પહોચીં.પણ ત્યાં ઈસુનુ શબ હતું નહી.“ “અચાનક ઝળહળતાં વસ્ત્રોવાળા બે માણસો તે સ્ત્રીઓની આગળ પ્રગટ થયા. તેમણે એ સ્ત્રીઓને કહ્યું, તમે જીવતાને મરેલામાં કેમ શોધો છો ? તેઓ અહીં નથી.તેઓ તો સજીવન થયા છે.પોતે ગાલીલમાં હતા ત્યારે તમને જે કહ્યું હતું તે યાદ કરો કે , માનવપુત્રને પાપીઓના હાથમાં સોપી દેવાવો જોઈએ, ક્રુસે ચડાવવો જોઈએ અને ત્રીજે દિવસે તેણે પાછા સજીવન થવું જોઈએ.“ સ્ત્રીઓને ઈસુના શબ્દો યાદ આવ્યા અને તાબડતોબ કબરેથી પાછા આવીને અગિયાર પ્રેષિતોને અને બીજા સૌને આ બધા સમાચાર આપ્યા ( જુઓ લુક ૨૩, ૫૦ ૨૪ ,૯ )

સંત માર્કે કરેલા ઈસુના પુનરુત્થાનની વાતમાં સૌ પ્રથમ ઈસુએ મગદ્લાની મરિયમને દર્શન દીધાની વાત છે.’’ રવિવારને દિવસે વહેલી સવારે સજીવન થઈને ઈસુએ સૌ પ્રથમ મગદલાની મરિયમને દર્શન દીધા.એ મરિયમમાંથી એમણે પહેલા સાત અપદુતોને કાઢ્યા હતા.તેણે જઈને આ સમાચાર ઈસુના શોકમગ્ન અને વિલાપ કરતાં અંતેવાસીઓને આપ્યા. ઈસુ જીવે છે અને મે એમને જોયા છે. “(માર્ક ૧૬,૯-૧૧)

સંતમાર્થીએ કરેલી ઈસુના પુનરુત્થાનની વાતમાં ઈસુની કબર આગળ દેવદુતે સ્ત્રીઓને ઈસુના પુનરુત્થાનના સમાચાર ઈસુના શિષ્યોને આપવાની મોટી જવાબદારી સોપીનો તેમનો પુનરુત્થાનના સંદેશવાહક બનાવી ! એટલું જ નહી, પણ રસ્તામાં ખુદ ઈસુએ દર્શન આપીને તેમને પોતાના સંદેશવાહક બનાવ્યા અને કહ્યું, “બીશો નહિ, જાઓ, જઈને મારા ભાઈઓને કહો કે તેઓ ગાલીલ ચાલ્યા જાય. ત્યાં તેમને મારા દર્શન થશે.“(માત્થી ૨૮:૧૦)

મગદલાની મરિયમે અને બીજી સ્ત્રીઓએ કબરેથી પાછા આવીને પ્રેષિતો અને બીજા સૌને ઈસુના પુનરુત્થાન અને પોતાને મળેલા દર્શનની વાત કરી. પ્રેષિતો અને ઈસુના અન્ય શિષ્યોનો પ્રતિભાવ આપણને તે વખતે સ્ત્રીઓની પરિસ્થિતિનો, સમાજ તથા ધર્મમાં એમની દશાનો ખ્યાલ આપે છે. શુભસંદેશકાર લુકે સ્પષ્ટ નોધ્યું છે તેમ પ્રેષિતો અને અન્ય શિષ્યોને સ્ત્રીઓની વાત “અક્કલ વગરની લાગી અને તેમણે માની નહિ “(લુક ૨૪:૧૧)

ઈસુના સમયમાં સ્ત્રીઓની સ્થિતિ ગુલામો અને બાળકો જેવી હતી.કાયદામાં સ્ત્રીઓની વાત કે એમની સાક્ષીનું કોઈ મુલ્ય નહોતું !સ્ત્રી કોઈ ધર્મગુરુની શિષ્યા બની શકતી નહોતી. આવી પરિસ્થિતિમાંજ ઈસુએ પોતાના જીવનમાં સ્ત્રીઓને પુરુષ સમાન દરજ્જો આપ્યો હતો.અને એજ દૃષ્ટિથી ઈસુએ પોતાના શિષ્યો અને અનુયાયીઓમાં સ્ત્રીઓને આવકારી હતી. યહુદી લોકો સમરુનીઓ સાથે વહેવાર રાખતા નહોતા. સમરુનીઓના પ્રદેશથી જતા પણ નહોતા. પણ ઈસુ પોતાના શિષ્યો સાથે સમરુનીઓના પ્રદેશમાં થઈને જાય છે. રસ્તામાં ઈસુ એક કુવા પાસે બેસે છે અને તેમના શિષ્યો ખાવાનું ખરીદવા માટે ગામમાં જાય છે.એવામાં સમરુની એક બાઈ પાણી ભરવા એ કુવા પાસે આવી.ઈસુએ એ બાઈની પાસે પાણી માંગ્યું. એ બાઈ ઈસુની વાત માની શકતી નહોતી ! એણે કહ્યું “ તમે યહુદી થઈને એક સમરુની બાઈ પાસે પાણી માંગો છો એ કેવું ? “(યોહાન ૪ :૯ )

ટુંકમાં, ઈસુની વાતથી પ્રભાવિત થઈને એ બાઈ પાછી જઈને ગામના લોકોને ઈસુનો સંદેશો સાંભળવા બોલાવી લાવી. અને લોકોનો પ્રતિભાવ કેવો છે ? યોહાને નોધ્યું છે તેમ, “ તેઓ પેલી બાઈને કહેવા લાગ્યા, હવે અમે તારા કહેવા ઉપરથી જ શ્રધ્ધા રાખીએ છીએ એવું નથી, કારણ, અમે જાતે એમને સાંભળ્યા છે, અને અમને ખાતરી છે કે આ માણસ સાચેજ જગતના ઉધ્ધારક છે. “( યોહાન ૪ : ૪૧-૪૨ )

ઈસુએ અને વ્યવિચાર કરતાં પકડાયેલ બાઈની વાત ખુબ જાણીતી છે.એ પ્રસંગને લાગતા નિરંજન ભગતના કાવ્યથી ગુજરાતી સાહિત્યમાં પણ વ્યભિચારી બાઈને ઈસુએ આપેલી માફીની વાત ખુબ પ્રસિધ્ધિ પામી છે.વાત એમ છે કે ઈસુની પરિક્ષા કરી એમના પર આરોપ મુકવા માટે એ બાઈને ઈસુ આગળ ઊભી રાખીનો ઈસુના વિરોધીઓએ કહ્યું “ગુરુજી, આ બાઈ પ્રત્યક્ષ વ્યભિચાર કરતાં પકડાઈ છે. હવે શાસ્ત્રમાં મોશેએ આપણને એવી બાઈને પથ્થર મારીને મારી નાંખવાનું ફરમાવેલું છે. તો આપ શું કહો છો. “ (યોહાન ૮ :૪-૫)ઈસુએ મોશેના કાયદા મુજબ એ બાઈને પથ્થરે મારીને મારી નાંખવા કહે તો એમના પ્રેમ અને માફીના સંદેશ પોકળ પુરવાર થાય. બીજી બાજુ એ બાઈને પ્રેમથી માફી આપવાનું કહેવામાં આવે તો ઈસુ ઉપર મોશેના પવિત્ર કાયદાનો ભંગ કરવાનો આરોપ મુકી શકાય.ઈસુ બંને બાજુથી પકડાય તેવી સ્થિતિ છે ! હાથમાં પથ્થર લઈને કાયદા મુજબ વ્યભિચારી સ્ત્રીને મારી નાંખવા તૈયાર થઈને અધીરા થયેલા લોકોને ઈસુએ કહ્યું, “તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથ્થર મારે “ઈસુના આ અણધાર્યા ચુકાદાથી એમના વિરોધીઓ શરમના માર્યા એક પછી એક ત્યાંથી જતા રહ્યા. એટલે ઈસુએ કહ્યું, “ બહેન, તે લોકો ક્યાં છે ? કોઈએ તને સજા ન કરી ? “ “બાઈએ કહ્યું કોઈએ નહી પ્રભુ ‘ ત્યારે ઈસુએ કહ્યું “ હું પણ તને સજા


અનુ પાન નં. ૨ ઉપર



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬




તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.